**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.
भारत 2023 INDIA

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૭૬૬૪ — તા.૧૧/૧૦/૨૦૨૩

પરિપત્ર-૩૯૯૨

વિષય- ટકાઉ ગ્રામીણ વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ "ઉન્નત ભારત અભિયાન"માં કોલેજો/સંસ્થાઓને પાર્ટીસિપેટીંગ ઇન્સ્ટીટ્યુટ તરીકે જોડાવા બાબત.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે ઉન્ન્ત ભારત અભિયાન શિક્ષણ મંત્રાલય, ભારત સરકારનો એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જેમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા પોતાની આસપાસનાં પાંચ જરૂરિયાતમંદ ગામોને દત્તક લઈને પોતાના શિક્ષક અને વિદ્યાર્થીગણ સાથે જરૂરી ગ્રામ સર્વે કરીને પોતાના જ્ઞાન, કૌશલ્ય અને અનુભવના આધારે ટકાઉ ગ્રામ વિકાસની પ્રક્રિયામાં એક પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ તરીકે ગ્રામીણ વિકાસના કાર્યોમાં સહભાગી સંસ્થા બને છે. ઉન્ન્ત ભારત અભિયાનમાં આઈ.આઈ.ટી, દિલ્હીએ નેશનલ કોર્ડિનેટિંગ ઇન્સ્ટિટ્યૂટ છે. સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એસ.વી.એન.આઈ.ટી, સુરત)એ ગુજરાત રાજ્યમાં એક રિજિયોનલ કૉઓર્ડિનેટિંગ સંસ્થા છે. જે આણંદ, અરવલ્લી, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ખેડા, મહીસાગર, નર્મદા, નવસારી, પંચમહાલ, સુરત, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લાઓ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો દીવ અને દમણમાં સમાવેશી બધી જ પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટને માર્ગદર્શન અને સહયોગ કરે છે.

જે અન્વયે આપની કોલેજ/સંસ્થા ઉન્નત ભારત અભિયાનમાં પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ બને તે અંગે કાર્યવાહી કરવા નમ્ર વિનંતી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

REGISTRAR
Shri Govind Guru University
Vinjol, Godhra - Gujarat

બિડાણ- માહિતી પુસ્તિકા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

ઉન્નત ભારત અભિયાન
રિજિયોનલ કોર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ
સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, સુરત
ઇચ્છનાથ, ડુમસ રોડ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭

નં. એસ.વી.એન.આઈ.ટી / આર.સી.આઇ - યુ.બી.એ/ ૫૭/૨૦૨૩-૨૦૨૪ તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૩

પ્રતિ,
પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ
માનનીય કુલપતિશ્રી,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા, ગુજરાત

**વિષય: ટકાઉ ગ્રામીણ વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ "ઉન્નત ભારત અભિયાન"માં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા, ની કોલેજો/સંસ્થાઓને પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ તરીકે જોડાવા બાબત**

આદરણીય સાહેબ,

ઉન્નત ભારત અભિયાન એ શિક્ષણ મંત્રાલય, ભારત સરકારનો એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે જેમાં સૌ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ પોતાની આસપાસનાં પાંચ જરૂરિયાતમંદ ગામોને દત્તક લઈને પોતાના શિક્ષક અને વિદ્યાર્થીગણ સાથે જરૂરી ગ્રામ સર્વે કરીને પોતાના જ્ઞાન, કૌશલ્ય અને અનુભવના આધારે ટકાઉ ગ્રામ વિકાસની પ્રક્રિયામાં એક પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ તરીકે સહભાગી સંસ્થા બને છે.

ઉન્નત ભારત અભિયાનમાં આઈ.આઈ.ટી, દિલ્હી એ નેશનલ કોર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ છે. સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એસ.વી.એન.આઈ.ટી), સુરત એ ગુજરાત રાજ્યમાં એક રિજિયોનલ કોર્ડીનેટિંગ સંસ્થા છે જે આણંદ, અરવલ્લી, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ખેડા, મહિસાગર, નર્મદા, નવસારી, પંચમહાલ, સુરત, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લાઓ; અને બે કેન્દ્રશાસિત પ્રદેશો - દીવ અને દમણ માં સમાવેશી બધીજ પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટને માર્ગદર્શન અને સહયોગ કરે છે.

આ સાથે, આપશ્રીનાં પ્રમુખપદ હેઠળ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, ગોધરાની સૌ કોલેજોને ઉન્નત ભારત અભિયાનમાં પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ બનાવવા માટે સાથે બિડાણ કરાયેલ ઉન્નત ભારત અભિયાન વિષયે પરિચય અને રજિસ્ટ્રેશનની સંપૂર્ણ પ્રક્રિયાનો એક YouTube વિડિઓની માહિતી ધરાવતી પુસ્તિકાને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સૌ કોલેજોને ઇમેઇલ / વોટ્સએપના માધ્યમથી પહોંચાડવા માટે નમ્ર વિનંતી છે જેથી સૌ કોલેજો ઉન્નત ભારત અભિયાનમાં જોડાઈને પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ બને અને વધુમાં વધુ ગ્રામોમાં ટકાઉ ગ્રામ વિકાસની પ્રક્રિયામાં વધુમાં વધુ કોલેજો જોડાઈ શકે.

શુભેચ્છાઓ સહ સાથે સાદર આભાર.

ડો. વિક્રમ રાઠોડ
રિજિયોનલ કો-કોર્ડીનેટર
આર.સી.આઈ.-યુ.બી.એ, એસ.વી.એન.આઈ.ટી, સુરત
ઇમેઇલ: rciuba@svnit.ac.in
મોં. 94274 72741

ડો. કૃપેશ એ. ચૌહાણ
રિજિયોનલ કોર્ડીનેટર
આર.સી.આઈ.-યુ.બી.એ,એસ.વી.એન.આઈ.ટી, સુરત
ઇમેઇલ: rciuba@svnit.ac.in
મોં. 97277 12357

### કોલેજ / સંસ્થાને પાર્ટીસીએપટિંગ ઇન્સ્ટિટ્યૂટ તરીકે થતા લાભો:

- ❖ સામાજિક જવાબદારી અને સામુદાયિક વિકાસ પ્રકિયામાં સહયોગ.
- ❖ ગ્રામોનું સશક્તિકરણ.
- ❖ કેન્દ્ર અને રાજ્ય સ્તરની પ્રવૃતિઓમાં જોડાણ.
- ❖ અંત્યોદય સંકલ્પના સાથે સહયોગ.
- ❖ ગામડાઓ માટે કામ કરીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન.

### પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરવાથી શિક્ષકગણને મળતા લાભો:

- ❖ ગ્રામીણ વિસ્તારોની વાસ્તવિક સમસ્યા અને જરૂરિયાતોના પાયાના સ્તરના અભ્યાસની તકો.
- ❖ ગ્રામીણ જરૂરિયાતોને ટેકો આપવા માટે જ્ઞાન, કૌશલ્ય અને અનુભવનો ઉપયોગ.
- ❖ IIMs, IITs, NITs અને અન્ય અગ્રણી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓના રાષ્ટ્રીય સ્તરના નેટવર્ક સાથે કામ કરવાની તકો, વિવિધ ક્ષમતા નિર્માણ કાર્યશાળાઓ અને તાલીમ કાર્યક્રમોમાં ભાગીદારી.
- ❖ આર.સી.આઈ-યુ.બી.એ, એસ.વી.એન.આઈ.ટી, સુરત તરફથી વાર્ષિક કામગીરીનું સર્ટિફિકેટ.
- ❖ કારકિર્દી મૂલ્યવર્ધન.

### પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરવાથી વિદ્યાર્થીગણને મળતા લાભો:

- ❖ પંચાયતી રાજ સંસ્થાઓ સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાંથી શીખવાની તકો, ગામ સર્વેક્ષણ અને વાસ્તવિક સમસ્યાઓના ઉકેલના વિકાસમાં યોગદાન આપવાની તકો.
- ❖ પાયાના સ્તરની જરૂરિયાત પર પ્રોજેક્ટ અને સંશોધન કાર્ય હાથ ધરવાની તકો.
- ❖ વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે સામાજિક અને સાંસ્કૃતિક કામગીરી કરવાની તકો.
- ❖ આર.સી.આઈ-યુ.બી.એ, એસ.વી.એન.આઈ.ટી, સુરત તરફથી વાર્ષિક કામગીરીનું સર્ટિફિકેટ.
- ❖ સામાજિક જોડાણ દ્વારા ક્ષમતા નિર્માણ અને વ્યક્તિત્વ વિકાસ.

ઉન્નત ભારત અભિયાનમાં રજીસ્ટ્રેશનના સંપૂર્ણ માર્ગદર્શન માટે YouTube વિડિઓ જોવા માટે આપેલ QR કોડ સ્કેન કરવા વિનંતી.

ઉન્નત ભારત અભિયાનની વેબસાઈટ: https://unnatbharatabhiyan.gov.in/

કોઈપણ વધુ માહિતી કે સહયોગ માટે આર.સી.આઈ એસ.વી.એન.આઈ.ત, સુરતને સંપર્ક કરવો:


| | | | |
|---|---|---|---|
| ડો. કૃપેશ એ. ચૌહાણ | ડો. વિક્રમ પી. રાઠોડ | ડો. વૈશાલી એસ. ધીંગરા | ડો. પીનલકુમાર જે. એન્જીનીઅર |
| રિજિયોનલ કોર્ડીનેટર | રિજિયોનલ કો-કોર્ડીનેટર | મેમ્બર | મેમ્બર |
| મોં. ૯૭૨૭૭ ૧૨૩૫૭ | મોં. ૯૪૨૭૪ ૭૨૭૪૧ | મોં. ૯૯૧૩૬ ૫૬૧૮૭ | મોં. ૯૯૨૪૭ ૧૧૩૩૫ |

સરનામું: ૧, ઓલ્ડ સી.આર.સી, એસ.વી.એન.આઈ.ટી કોલેજ, ઈચ્છાનાથ, ડુમસરોડ, સુરત - ૩૯૫૦૦૭

ઇમેઇલ: rciuba@svnit.ac.in વેબસાઈટ: https://www.svnit.ac.in/Unnat_Bharat/




# ઉન્નત ભારત અભિયાન

# उन्नत भारत अभियान

# UNNAT BHARAT ABHIYAN

શિક્ષિત भारत - स्वस्थ भारत - स्वच्छ भारत - स्वावलंबी भारत - संपन्न

શિક્ષણ મંત્રાલય, ભારત સરકારનો ટકાઉ ગ્રામીણ વિકાસ માટેનો રાષ્ટ્રીય સ્તર નો મુખ્ય કાર્યક્રમ

## માહિતી પુસ્તિકા

રિજિયોનલ કોર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ

સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, સુરત, ગુજરાત

## ઉન્નત ભારત અભિયાન: પરિચય

ઉન્નત ભારત અભિયાન એ શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંચાલિત રાષ્ટ્રીય સ્તરનો ગ્રામીણ વિકાસ માટેનો કાર્યક્રમ છે જે તા. ૧૧ નવેમ્બર, ૨૦૧૪ના રોજ આદરણીય રાષ્ટ્રપતિજી ની ઉપસ્થિતિમાં રજુ કરવામાં આવ્યો હતો.

દૂરદ્રષ્ટિ (Vision): ઉન્નત ભારત અભિયાન એ દેશની ઉચ્ચ શૈક્ષણિક જ્ઞાની સંસ્થાઓની મદદથી ગ્રામીણ વિકાસ પ્રક્રિયાઓમાં પરિવર્તન લાવી સર્વસમાવેશક ભારતના નિર્માણ કરવાના વિઝન થી પ્રેરિત છે.

ધ્યેય (Mission): ઉન્નત ભારત અભિયાનનું મિશન ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને ગ્રામીણ ભારતના વિકાસના પડકારોને ઓળખવામાં અને ટકાઉ વિકાસને વેગ આપવા માટે યોગ્ય ઉકેલો વિકસાવવા માટે ગ્રામીણ ભારતના લોકો સાથે કામ કરવા માટે સક્ષમ બનાવવાનું છે. તે ઉભરતા વ્યવસાયો માટે જ્ઞાન અને પ્રથાઓ પ્રદાન કરીને અને ગ્રામીણ ભારતની વિકાસની જરૂરિયાતોને પ્રતિભાવ આપવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રો બંનેની ક્ષમતાઓમાં નવીનતા લાવીને સમાજ અને સમાવિષ્ટ શૈક્ષણિક પ્રણાલી વચ્ચે એક શ્રેષ્ઠ સંબંધ બનાવવાનો પણ હેતુ ધરાવે છે.

### નેશનલ કોઓર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ (NCI):


ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, દિલ્હી (IIT Delhi) એ ઉન્નત ભારત અભિયાન માં નેશનલ કોઓર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ છે. જે રાષ્ટ્રીય સ્તરની સંકલનકારી સંસ્થા તરીકે પરસ્પર ક્રિયાપ્રતિક્રિયા, પરામર્શ, જવાબદારીની ફાળવણી અને માર્ગદર્શન આપતી સંસ્થાઓ, વિષય નિષ્ણાત જૂથો તેમજ શિક્ષણ મંત્રાલય વચ્ચે સક્રિય સંપર્ક અને સંકલન સાધવાનું કાર્ય કરે છે.

### રિજિયોનલ કોઓર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ (RCI):

ઉન્નત ભારત અભિયાનમાં બધાજ ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કુલ ૪૫ રિજિયોનલ કોઓર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ છે જે પોતાની સાથે સાંકળવામાં આવેલા પ્રદેશના જિલ્લાઓમાં સમાવેશ થતી સૌ પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ ને ટકાઉ ગ્રામીણ વિકાસ માટે માર્ગદર્શન, સલાહ-સૂચન અને સંકલનનું કાર્ય કરે છે.

ગુજરાત રાજ્યમાં ૨ રિજિયોનલ કોઓર્ડિનેટીંગ સંસ્થા છે. ૧) આઈ.આઈ.ટી, ગાંધીનગર (IIT Gandhinagar) અને ૨) એસ.વી.એન.આઈ.ટી, સુરત (SVNIT, Surat)

### રિજિયોનલ કોઓર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ ; એસ.વી.એન.આઈ.ટી, સુરત (RCI-UBA SVNIT Surat):



રિજિયોનલ કોઓર્ડિનેટીંગ ઇન્સ્ટિટ્યૂટ એ ગુજરાત રાજ્યના ૧૫ જિલ્લાઓ - આણંદ, અરવલ્લી, દાહોદ, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, ખેડા, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ અને દમણ માં સમાવેશ થતી સૌ પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ અને તેમની સાથે સંકળાયેલા ઉન્નત ભારત અભિયાન હેઠળના ગ્રામો માટે ઉન્નત ભારત અભિયાનમાં પ્રાદેશિક સ્તરનું સંકલન, માર્ગદર્શન અને સલાહ-સૂચન નું કાર્ય કરે છે.

આર.સી.આઈ, એસ.વી.એન.આઈ.ટી, સુરત એ પોતાની સાથે સંકળાયેલા જિલ્લાની બધીજ ઉચ્ચ શૈક્ષણિક જ્ઞાની સંસ્થાઓને ઉન્નત ભારત અભિયાન માં જોડાવા માટે માર્ગદર્શન આપે છે અને ઉન્નત ભારત અભિયાન માં જોડાતી બધી જ નવી નવી પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટને પોતાની સાથે સંકળાયેલા ૫ ગ્રામોમાં જઈને સર્વે કરવા, ગ્રામીણ પ્રશ્નો અને પડકાર સમજવા અને તેને અનુરૂપ ઉકેલ લાવવા અને વિકાસના વિવિધ કાર્યો કરવા માટે એક "ઓરિએન્ટેશન કાર્યશાળા" દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે તેમજ સમયાંતરે સમીક્ષા બેઠક કરી સલાહ-સૂચનનું કાર્ય કરવામાં આવે છે.

### પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ (PI):

ભારત દેશમાં બધીજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ઉન્નત ભારત અભિયાનમાં એક પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ તરીકે જોડાઈ શકે છે. કોર્ડીનેટરે આસપાસના જરૂરિયાતમંદ એવા ૫ ગ્રામોને ઓળખી ઉન્નત ભારત અભિયાનની વેબસાઈટ પર જઈને રજિસ્ટ્રેશન કરવાનું રહે છે. આ રજિસ્ટ્રેશનની પ્રક્રિયાનું સંપૂર્ણ માર્ગદર્શન એક YouTube વિડિઓમાં આપવામાં આવ્યુ છે જેને તમે આ માહિતી પુસ્તિકાના અંતે આપેલ QR કોડ સ્કેન કરી જોઈ શકો છો.

નોંધ: એક જ ગામને બે વાર પુનરાવર્તિત ન કરવા માટે, તમને ઉન્નત ભારત અભિયાનની વેબસાઈટની મુલાકાત લેવા અને તમારા જિલ્લામાં આવતી વિવિધ પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પહેલેથી જોડાયેલા ગ્રામોની યાદી જોવા વિનંતી કરવામાં આવે છે

વેબસાઈટ લિંક: https://unnatbharatabhiyan.gov.in/participating-institutes

ઉન્નત ભારત અભિયાનમાં પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટના શિક્ષકગણ અને વિદ્યાર્થીગણ ગ્રામો માં જઈને ગ્રામોમાં ઘરેલુ સર્વે અને ગ્રામોના સર્વે કરી, ગ્રામોની જરૂરિયાત મુજબ ગ્રામજનોની સાથે રહીને પોતાના જ્ઞાન, કૌશલ્ય અને અનુભવના આધારે આપેલ વિષયો ઉપર કાર્ય કરે છે. ઉન્નત ભારત અભિયાન તરફથી દરેક પાર્ટીસિપેટિંગ ઇન્સ્ટિટ્યૂટને ગ્રામોના ઘરેલુ સર્વે અને ગ્રામોના સર્વે કરવા માટે ૫ ગ્રામ માટે રૂ. ૫૦,૦૦૦ (ગ્રામ દીઠ રૂ. ૧૦,૦૦૦) સીડ મની તરીકે આપવામાં આવે છે.



જૈવીક ખેતી



પાણી વ્યવસ્થાપન



પુનઃપ્રાપ્ય ઉર્જા



કારીગરી, આજીવિકા અને ઉદ્યોગ



મૂળભૂત સુવિધાઓ



કન્વર્જન્સ